| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૦/૦૩/૨૦૨૩ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૮૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૧૯૭ લીટર દેશી દારૂ, ૪૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ સ્કુટર, ૨ રીક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૮૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૪૮૨/૨૦૨૩

**ઓઢવઃ** કરીશ્માબહેન વા/ઓ નિરલભાઇ ઝાલા (રહે.સાહીત્ય હીલ ગોકુલધામ સામે દેવસ્ય સ્કુલ નજીક સિંગરવા ઓઢવ) એ તા.૧૯/૦૩/૨૦૨૩ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૩/૨૦૨૩ સવારના ૯/૩૦ થી રાતના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના રસોડાની બારીનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટનુ લોકર ખોલી લોકરમાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.પ્રજાપતિ ચલાવે છે.

**દાણીલીમડાઃ** મોહંમદજાવેદ મોહંમદહુસેન ખોખર (રહે. રોયલ રેસીન્ડેસી શક્તિ સોસાયટી ગેટ નંબર-૪ દાણીલીમડા) એ તા.૧૯/૦૩/૨૦૨૩ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૩/૨૦૨૩ બપોરના ૧/૦૦ થી તા.૧૬/૦૩/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારીનો કાચ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીના લોકરમાંથી રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૪૮૩/૨૦૨૩**

**ચાંદખેડાઃ** શૈલી વા/ઓ યશગીરી ગોસ્વામી (રહે. અવની બંગ્લોઝ વિશ્વકર્મા મંદિર પાછળ વિસત તપોવન હાઇ-વે મોટેરા ચાંદખેડા) એ તા.૧૯/03/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના ઘરે કામ કરતા કરતા સોનલબહેન રમેશભાઇ ઠાકોર (રહે. સેકન્ડ ફલોર અભિષેક એપાર્ટમેન્ટ નારાયણ જવેલર્સની ઉપર કેશવનગર સુભાષબ્રીજ) તા.૧૧/03/૨૦૨૩ સવારના ૮/30 થી તા.૧૨/03/૨૦૨૩ સવારના ૧૧/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરની તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૯૪,000/- અને રોકડ રૂપિયા ૨૫,000/- મળી કુલ રૂપિયા ૨,૧૯,000/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૮૪/૨૦૨૩**

**સરખેજઃ** સુહાનાબાનુ વા/ઓ યાકુબભાઇ શેખ (ઉ.વ.30) (રહે. નહેરૂનગરનો ખાડો હુસેની બેકરી સામે કબ્રસ્તાનની બાજુમાં મકરબા સરખેજ) તા.૦૮/03/૨૦૨૩ બપોરના ૪/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાઇમસ ઉપર રસોઇ બનાવતા હતા ત્યારે આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૯/03/૨૦૨૩ કલાક ૯/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.પઠાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૮૫/૨૦૨૩**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** દ્વારકાદાસ પરષોતમદાસ પટેલ (ઉ.વ.૮૨) (રહે. સી.પી.નગર વિભાગ-૧ ભુયંગદેવ ક્રોસ રોડ ઘાટલોડીયા) એ બિમારીથી કંટાળી તા.૧૯/03/૨૦૨૩ બપોરના ૪/00 વાગ્યા પહેલા ઉસ્માનપુરા ગાર્ડન પાછળ ઘાટ નંબર-૪ પાસે વોક-વે નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઇ પ્રેમજીભાઇ ચલાવે છે.

**આનંદનગરઃ** કનકીબહેન વા/ઓ સુરેશસિંહ રાજપુત (ઉ.વ.૨૩) (રહે. ઓમકારેશ્વર ફ્લેટ ચામુંડા ફાટક પાસે આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૧૯/03/૨૦૨૩ સવારના ૧૧/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી “એન” ડિવીઝન ચલાવે છે.

**સરખેજઃ** ઇમરાન ઇકબાલભાઇ શેખ (ઉ.વ.૨૪) (રહે. રોનક પાર્ક જાડી ખાલાની કીટલી આગળ આર.સી.સી.રોડ ફતેવાડી) એ અગમ્ય કારણસર તા.૧૯/03/૨૦૨૩ બપોરના ૨/30 વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**નરોડાઃ** હરેશકુમાર ભુવનેશ્વરભાઇ તિવારી (ઉ.વ.૫૨) (રહે. વિઠલ વેલોસીટી ફ્લેટ વિઠલ પ્લાઝા પાછળ દહેગામ રોડ રોડ નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૮/03/૨૦૨૩ રાતના ૮/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે કાપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી